Saturday
13.06.2026
*Volume :10 * Issue No.337
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન કરજણમાં હિટાચી એનર્જી દ્વારા આશરે રૂ. ૨,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્થપાનારા નવા પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ભૂમિપૂજન કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

## આ પ્રોજેક્ટથી યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે અને MSME ક્ષેત્રને વેગ મળશેઃ મુખ્યમંત્રીશ્રી



### હિટાચી અને ગુજરાતનો ૬૦ વર્ષ જૂનો અતૂટ સંબંધ વધુ ગાઢ બન્યો

**હિટાચી એનર્જી ઈન્ડિયાના સી. ઈ.ઓ. શ્રી વેણુએ ગુજરાતના પ્રગતિશીલ ઇકોસિસ્ટમ અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રાજ્યની અગ્રેસર ભૂમિકાની પ્રશંસા કરી**






## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઇન ઇન્ડિયા' અને 'ઉર્જા આત્મનિર્ભરતા'ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના કરજણ ખાતે હિટાચી એનર્જી દ્વારા આશરે રૂ. ૨,૦૦૦ કરોડના મહત્વપૂર્ણ રોકાણ સાથે સ્થાપવામાં આવનાર નવા પાવર ટ્રાન્સફોર્મર ફેક્ટરીનું ભૂમિપૂજન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રીના પદ પર સૌથી લાંબા અને સફળ કાર્યકાળ બદલ શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું છે.

મુખ્યમંત્રીશ્રી પટેલે કરજણ ખાતે નવા લાર્જ પાવર ટ્રાન્સફોર્મર પ્લાન્ટની સ્થાપના માટે કંપનીને અભિનંદન પાઠવતા વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવશે અને દેશના ઊર્જાક્ષેત્રમાં આત્મનિર્ભરતામાં વધારો કરશે. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ નવા પ્લાન્ટ દ્વારા રોજગારીની નવી તકો ઊભી થશે અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત, આ પ્રોજેક્ટના કારણે આસપાસના વિસ્તારના એમ. એસ. એમ. ઈ. એકમો માટે પણ વિકાસના નવા દ્વાર ખુલશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શરૂ થયેલ 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ'ના પરિણામે ગુજરાત આજે વિશ્વભરના ઉદ્યોગકારો માટે રોકાણનું મનપસંદ સ્થળ બન્યું છે.

હિટાચી અને ગુજરાત વચ્ચેનો સંબંધ ૬૦ વર્ષ જૂનો હોવાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, જાપાનીઝ કંપનીઓનો ગુજરાત સાથેનો વિશ્વાસ સતત વધતો રહ્યો છે.

ગુજરાતના મજબૂત ઔદ્યોગિક વાતાવરણ, પારદર્શક નીતિઓ અને શ્રેષ્ઠ કાયદો-વ્યવસ્થાને કારણે આજે ફોર્ચ્યુન-૫૦૦માં સમાવિષ્ટ વિશ્વની મોટી કંપનીઓ માટે ગુજરાત 'સેકન્ડ હોમ' બન્યું છે. રાજ્યની ઉર્જા સુરક્ષા અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને 'ઈલેક્ટ્રિસિટી સરપ્લસ સ્ટેટ' તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલો ૩૭ ગીગાવોટનો રિન્યુએબલ હાઈબ્રિડ પાર્ક પૂર્ણ થતા ગુજરાત દેશનું 'એનર્જી કેપિટલ' બની જશે. ગ્રીન ગ્રોથ અને ગ્રીન હાઈડ્રોજન જેવી નીતિઓ દ્વારા રાજ્ય સરકાર પર્યાવરણના જતન સાથે વિકાસ સાધી રહી છે. આગામી દિવસોમાં વધી રહેલી ગ્રીન એનર્જીની માંગને પહોંચી વળવા માટે મજબૂત ટ્રાન્સમિશન સિસ્ટમ અનિવાર્ય છે, જેમાં હિટાચી એનર્જીની આ નવી ફેસિલિટી મહત્વની ભૂમિકા ભજવશે તેમ કહી મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'વિકસિત ભારત જ ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં આત્મનિર્ભર ઉર્જા ઈકોનોમી દ્વારા ગુજરાત મહત્વનું યોગદાન આપશે. હિટાચી એનર્જી ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સી. ઈ.ઓ. શ્રી એન. વેણુએ ભારતની ઉર્જા ક્ષમતા વધારવા તરફનું એક મોટું પગલું ભર્યું હોવાનું ગણાવી વધુમાં જણાવ્યું હતું કે, "આ નવી ફેસિલિટી એક 'ડિજિટલ-ફર્સ્ટ' ટ્રાન્સફોર્મર ફેક્ટરી હશે, જે હાઈ-એન્ડ મેન્યુફેક્ચરિંગ દ્વારા રિન્યુએબલ એનર્જીના એકીકરણને વેગ આપશે અને ભારતને ટ્રાન્સફોર્મર્સ માટેના વૈશ્વિક લોન્ચપેડ તરીકે સ્થાપિત કરશે. શ્રી વેણુએ ગુજરાતના પ્રગતિશીલ ઈકોસિસ્ટમ અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રાજ્યની અગ્રેસર ભૂમિકાની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ ઉચ્ચ કૌશલ્ય ધરાવતી રોજગારીનું સર્જન કરશે અને સ્થાનિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે. કંપની આગામી ૨૫ વર્ષો માટે ભારતની ઉર્જા સુરક્ષા અને ટકાઉ વિકાસ પ્રત્યે કટિબદ્ધ છે, સાથે જ શિક્ષણ અને આરોગ્ય જેવી સામાજિક જવાબદારીઓ નિભાવવાનું પણ ચાલુ રાખશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

હિટાચી એનર્જીના ટ્રાન્સફોર્મર બિઝનેસના ગ્લોબલ સી. ઈ.ઓ. શ્રી બ્રુનો મેલેસે ભારતના ઊર્જા ભવિષ્ય અને આગામી ૨૫ વર્ષના ટકાઉ વિકાસને વેગ આપવા માટે કંપનીની મજબૂત પ્રતિબદ્ધતા જાહેર કરતા જણાવ્યું હતું કે, ભારતમાં ૭૫ વર્ષથી વધુના સમૃદ્ધ વારસા સાથે, કંપની વર્ષ-૨૦૨૮ સુધીમાં એક નવી અત્યાધુનિક ફેક્ટરી કાર્યરત કરવાનું લક્ષ્ય રાખે છે, જે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવશે અને ટેક્નોલોજીના સ્થાનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ નવી સુવિધા માત્ર મેન્યુફેક્ચરિંગ હબ જ નહીં, પરંતુ એન્જિનિયરિંગ, ઈનોવેશન અને પ્રતિભાશાળી લોકોના સહયોગથી બનેલું એક અદ્યતન ઈકોસિસ્ટમ હશે જે ભારત અને વિશ્વની સ્વચ્છ ઊર્જાની જરૂરિયાતોને પૂર્ણ કરશે.

કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે જમનાબાઈ જનરલ હોસ્પિટલના પ્રતિનિધિને કંપનીના સી.એસ.આર. ફંડમાંથી ભેટ આપેલી એમ્બ્યુલન્સની પ્રતિકાત્મક ચાવી સોંપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડોદરાના સાંસદશ્રી હેમાંગભાઈ જોશી, કરજણના ધારાસભ્યશ્રી અક્ષયભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસ, કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ તેમજ કંપનીના અધિકારીઓ અને સ્ટાફ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના ૧૨ વર્ષ: ગુજરાત એક મજબૂત અને સર્વસમાવેશી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સાથે દેશભરમાં અગ્રેસર

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માને છે કે, 'જ્યારે યુવાનોના વિચારોને યોગ્ય પ્લેટફોર્મ, નીતિગત સહયોગ અને સંસાધનો મળે છે, ત્યારે તેઓ રાષ્ટ્ર નિર્માણના સૌથી મોટા ભાગીદાર બની શકે છે'. આ જ વિચારધારા સાથે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પહેલ શરૂ કરવામાં આવી હતી, જેના થકી લાખો યુવાનોને 'જોબ સીકર'માંથી 'જોબ ક્રિએટર' બનવાની પ્રેરણા મળી છે. ૨૬ મે, ૨૦૨૬ના રોજ શ્રી નરેન્દ્ર મોદીના ભારતના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના ૧૨ વર્ષ પૂરાં થયા છે. આ ૧૨ વર્ષો દરમિયાન દેશમાં નવી ઉદ્યોગસાહસિક સંસ્કૃતિનું નિર્માણ થયું છે, અને ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મજબૂત બની છે. તેમના નેતૃત્વના ગત ૧૨ વર્ષો દરમિયાન ગુજરાતે પણ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક વિકાસનું કેન્દ્ર હોવાની સાથે જ, દેશના અગ્રણી સ્ટાર્ટઅપ હબ તરીકે પણ ઉભરી આવ્યું છે. ગુજરાત આજે ૧૯,૦૦૦થી વધુ DPIIT માન્ય સ્ટાર્ટઅપ્સ સાથે દેશમાં અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા સ્ટાર્ટઅપ ઈન્ડિયા રેન્કિંગમાં ગુજરાત સતત પાંચ વર્ષોથી 'બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ' રહ્યું છે, જે દર્શાવે છે કે સહાયક નીતિઓ અને યોજનાકીય પહેલો થકી રાજ્યમાં એક મજબૂત અને સર્વસમાવેશી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનો વિકાસ કરવામાં આવ્યો છે.

### સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP) હેઠળ ૧૩,૦૪૭થી વધુ વિદ્યાર્થી પ્રોજેક્ટ્સને પ્રૂફ ઓફ કોન્સેપ્ટ (PoC) સ્તરે સહાય

રાજ્યના યુવાનોને સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે તેમજ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન થકી યુવાનોની સર્જનાત્મક ક્ષમતાઓને વિકસિત કરવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી (SSIP) વર્ષ ૨૦૧૭-૧૮થી પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી. તેને મળેલી અભૂતપૂર્વ સફળતાના પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૨માં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી (SSIP) 2.0 લોન્ચ કરવામાં આવી. આ પોલિસી અંતર્ગત નવા ક્ષેત્રો સાથે પરંપરાગત અને નવા યુગની ટેક્નોલોજી સાથે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, SSIP 1.0 અને 2.0 હેઠળ અત્યારસુધીમાં ૧૩,૦૪૭થી વધુ વિદ્યાર્થી પ્રોજેક્ટ્સને પ્રૂફ ઑફ કોન્સેપ્ટ (PoC) સ્તરે સહાય આપવામાં આવી છે, જ્યારે ૪,૦૪૩થી વધુ IPR (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ) ફાઈલ કરવામાં આવ્યા છે. SSIP અંતર્ગત કુલ ૩,૨૮૭થી વધુ સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન, ઈન્ક્યુબેશન સહાય આપવામાં આવી છે. સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશનને આર્થિક સહાયતા માટે SSIP ગ્રાન્ટી સંસ્થાઓ દ્વારા ૩૬.૪૩ કરોડના SSIP ફંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વધુમાં, SSIP 1.0 અને 2.0 હેઠળ પોલિસી અમલી બન્યાથી અત્યારસુધીમાં જાગૃતિ અભિયાન થકી ૨૨.૭૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ્સ અંગે માર્ગદર્શન આપીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. વધુમાં, અત્યારસુધીમાં શાળાના વિદ્યાર્થીઓના ૧૯૪૮થી વધુ સ્ટાર્ટઅપ પ્રસ્તાવો SSIP 2.0 પોર્ટલ પર રજીસ્ટર થયા છે, જેમાંથી લગભગ ૧૧૪૧ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે. SSIP આજે શાળા સ્તરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓને માર્ગદર્શન, મેન્ટરશિપ, નાણાકીય સહાય અને બજાર સાથે જોડાણ જેવી સર્વગ્રાહી સુવિધાઓ પ્રદાન કરીને ગુજરાતમાં ઈનોવેશન સંસ્કૃતિને મજબૂત બનાવી રહી છે.



**મહિલા ઉદ્યોગસાહસિકો માટેની WEstart પહેલ હેઠળ ૨૬૯ મહિલા-સંચાલિત સ્ટાર્ટઅપ્સને સહાય**




### i-Hub: ગુજરાતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું મુખ્ય કેન્દ્ર, ૭૫૦ જેટલા સ્ટાર્ટઅપ્સને સીધી સહાય

સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત રચાયેલ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન હબ (i-Hub) આજે રાજ્યની ઈનોવેશન ઈકોસિસ્ટમનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. i-Hub એ રાજ્યમાં ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપ માટે કાર્યરત સૌથી મોટી સુવિધા છે, જ્યાં સિંગલ વિન્ડો સપોર્ટ સિસ્ટમ થકી કાયદાકીય, નાણાકીય, તકનીકી તેમજ આયોજનલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે. અત્યાધુનિક સુવિધાઓ સાથે જોડાયેલ કેન્દ્રિયકૃત હબ સ્થાપિત કરીને, i-Hub સ્ટાર્ટઅપ્સને પ્રિ-ઈન્ક્યુબેશન, ઈન્ક્યુબેશન અને પ્રવેગક તબક્કાઓમાં તેમના વિચારો, ઉત્પાદન અને રોકાણની જરૂરિયાતો માટે સહાય પૂરી પાડે છે. i-Hubની સ્થાપના વર્ષ ૨૦૧૯માં કરવામાં આવી હતી, અને અત્યારસુધીમાં તેના અંતર્ગત ૭૫૦ જેટલા સ્ટાર્ટઅપ્સને મેન્ટરશિપ અને ઈન્ક્યુબેશન સપોર્ટ તેમજ નાણાકીય સહાય આપવામાં આવી છે. સ્ટાર્ટઅપ સૃજન સીડ સપોર્ટ યોજના અંતર્ગત ૪૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને ૨૮ કરોડની સહાય પ્રદાન કરવામાં આવી છે. i-Hub ના ઈન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ્સ દ્વારા રાજ્યમાં આશરે ૪૦૦૦થી વધુ રોજગારીઓનું સર્જન થયું છે, જ્યારે આ સ્ટાર્ટઅપ્સની કુલ માર્કેટ વેલ્યૂ અંદાજે ૩,૫૬૯ કરોડ સુધી પહોંચી છે. i-Hub મારફતે સ્ટાર્ટઅપ્સને ?૪૪૬ કરોડથી વધુનું ખાનગી ભંડોળ વિવિધ વેન્ચર ફંડ્સ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આ સાથે, i-Hub એ ૨૦થી વધુ જિલ્લાઓમાં હબ-એન્ડ-સ્પોક મોડલ દ્વારા પહોંચ વધારી છે અને ૪.૫ લાખથી વધુ યુવાનોને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન અંગે જાગૃત કર્યા છે.

### WEstart પહેલ હેઠળ ૨૬૯ મહિલા સંચાલિત સ્ટાર્ટઅપ્સને સહાય

WEstart એ i-Hub દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકો માટે શરૂ કરવામાં આવેલી એક વિશેષ પહેલ છે. આ પહેલનો મુખ્ય હેતુ મહિલાઓના વિચારોને સફળ વ્યવસાયમાં પરિવર્તિત કરવા માટે તેમને નાણાકીય સહાય, માર્ગદર્શન અને નેટવર્કિંગ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલ હેઠળ ૨૬૯ મહિલા સંચાલિત સ્ટાર્ટઅપ્સને સહાય આપવામાં આવી છે, જે i-Hub દ્વારા કુલ સપોર્ટેડ સ્ટાર્ટઅપ્સના લગભગ ૩૬%છે. આ ઉપરાંત, મહિલા ઉદ્યોગસાહસિકોને તેમના સ્ટાર્ટઅપના પ્રારંભિક તબક્કા દરમિયાન વેગ આપવા માટે અને તેમને સંસાધનોની સરળ એક્સેસ આપી શકાય તે માટે ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ કાઉન્સિલ (GUSEC) દ્વારા herSTART કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. herSTART એક વ્યાપક કાર્યક્રમ છે, જેના પરિણામે વધુ ને વધુ મહિલા ઉદ્યોગસાહસિકો તેમના વિચારોને પાંખો આપી રહી છે, અને રાજ્યની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં પોતાનું યોગદાન નોંધાવી રહી છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે ગુજરાત ઔદ્યોગિક નીતિ હેઠળ પણ સ્ટાર્ટઅપ્સ માટે પ્રોત્સાહન યોજના જાહેર કરી હતી, જેના પરિણામે અનેક સ્ટાર્ટઅપ્સે પોતાના વ્યવસાય અને ઉત્પાદનોનું રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરણ કર્યું. આ નીતિ "આભાર -નિહારીકા રવિયા હેઠળ સીડ સપોર્ટ દ્વારા ૪૭૧ સ્ટાર્ટઅપ્સને સહાય પ્રદાન કરવામાં આવી છે. વિકસિત ભારતના અમૃતકાળમાં સ્ટાર્ટઅપ્સ માત્ર આર્થિક વિકાસના સાધન નથી, પરંતુ નવીનતા, રોજગાર સર્જન અને આત્મનિર્ભરતાના મજબૂત સ્તંભ છે. ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આજે રાજ્યની મજબૂત ઔદ્યોગિક પરંપરા, વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સક્રિય નીતિઓ અને યુવા પ્રતિભાના સંકલનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

